'સન્ડે ઈ.મહેફીલ'ના અમારા સઘળા વહાલા વાચકોને
સમ્પાદકો તરફથી
'ક્રીસમસ' અને 2015ના નુતનવર્ષની હાર્દીક શુભકામના..

•

# નાનીયો આઈસફ્રુટવાળો

–આશા વીરેન્દ્ર

ટન્.... ટન્.... ટન્.... ટન્.... નીશાળનો ઘંટ ધણધણ્યો. સાથે નીશાળની ઈમારત પણ. બાળગોપાળો દોડ્યાં – કોઈ ડબ્બો બંધ કરતાં, કોઈ ચંપલ પગમાં સેરવતાં, કોઈ દડો ઉછાળતાં, કોઈ લંગડી કરતાં.

કોઈ હીંચકે હીંચકવા માંડ્યું. કોઈ લસરણીએ લસરવા માંડ્યું. કોઈએ હુતુતુતુની રમત માંડી. કોઈએ ગીલ્લીદંડા લીધા. કોઈ ક્રીકેટ રમવા માંડ્યું. કોઈ નાસ્તાનો ડબ્બો ઉઘાડી ખાતું હતું. બપોરની છુટ્ટી બધાં માણી રહ્યાં હતાં. આનંદની છોળો ઉડતી હતી.

એ છોળો વચ્ચેયે કોરોકટ નાનીયો નીશાળના મેદાનમાં આઈસફ્રુટ વેચતો બેઠો હતો. ફાટેલી ચડ્ડી અને કાકાના જુના લબડતા પહેરણમાં એ ફક્કડ લાગતો'તો. વધી ગયેલા વાળ આંખો પરથી હઠાવતાં બોલતો –– 'મીઠું મીઠું આઈસફ્રુટ.... પાવલીનું આઈસફ્રુટ.... બાબા માટે.... બેબી માટે....'

નાનીયો હશે દસ-બાર વરસનો. માબાપ વીનાનો, કાકા-કાકીને ત્યાં ઉછરતો. કાકીને બે ટંકના રોટલા સાટે એક સરસ નોકર મળી ગયો હતો. ઢોરોને ચરાવતો, ગભાણ સાફ કરતો, છાણાં થાપતો. બારના સુમારે કારખાનેથી આઈસફ્રુટ લઈ બે વાગ્યાની છુટ્ટી સુધીમાં સયાજી વીદ્યાલય પહોંચી જતો. કાકી ધમકાવતાં કહેતાં : 'જોજે ચાર વાગે નીશાળેથી સીધો ઘરે આવી જજે ! નહીં તો ચામડાં ઉતરડી નાખીશ. અને પૈસામાં કાંઈ ગરબડ કરી તો હાથે ડામ જ દઈશ.'

સાંજે મીઠા-મરચાંની ચટણી સાથે રોટલો મળતો. દીવસભરની હડીયાપાટુ બાદ એય ભારે મીઠો લાગતો. ત્યાર પછી આંગણાની સફાઈ, પાણી ભરવાનું, ફાનસ સાફ કરવાનાં, વાસણ માંજવાનાં.... પથારીમાં પડતાંવેંત આંખ મળી જતી, તે સવારના પહોરમાં કાકીની હાકથી ઉઘડતી.... 'એય ગધેડા ! ઉઠે છે કે સાંબેલું લઉં ?'

નાનીયાને થતું, નીશાળમાં આ બપોરની છુટ્ટી લાંબી-લાંબી હોત, તો કેવું સારું ! નાનીયો શરીરથી નહીં તો મનથી, એ છુટ્ટી ભરપેટ માણતો. એનું બાળપણ બાળગોપાળો સાથે રમવા દોડી જતું. પેલી લસરણી પર લસરી પડવાની કેવી મજા પડતી હશે ! પવન સાથે હીંચોળો લેતા હીંચકા ખાવાની તો કેવી લહેર ! જો, જો, પેલા બેટવાળાએ કેવો ફટકો માર્યો ! હું પણ દોડી જઈને લગાવું કે તેનાથીયે ઉંચો ! અને આ હુતુતુતુવાળા ટંગડી પકડવાને બદલે હાથ શું કામ પકડતા હશે ? હું હોંઉ તો ઘડીકમાં ચીત કરી દઉં....

નાનીયાની મનોસૃષ્ટીમાં ભંગ પડ્યો... 'એય આઈસફ્રુટવાળા ! પાવલી-પાવલીની બે આપ....'

છેલ્લી પાંચ-સાત કાંડી વેચી ભારે પગલે એ ઘેર ગયો. પણ આજે એનું મન કામમાં લાગતું નહોતું. આ બધાંય છોકરાં રમે છે, તે એકાદ દીવસ હુંય રમું તો ? એક દીવસ હુંય મજા માણું. મનોમન નીશ્ચય થતો ગયો કે કાલે છુટ્ટીમાં હુંય રમવાનો.

બીજે દીવસે સવારે એ કાકીની હાક વીના જ ઉઠી ગયો. એનું મન ઠેકડા મારતું હતું.... ક્યારે સયાજી વીદ્યાયલ પહોંચું અને ક્યારે ત્યાં બપોરની છુટ્ટીનો ઘંટ પડે !....

ટન્.... ટન્.... ટન્.... ટન્....

આઈસક્રુટનો ડબ્બો ખુણામાં મુકી દોડ્યો. લસરણી ઉપર આઠ-દસ વાર લસરી લીધું. પેટ ભરીને હીંચકા ખાઈ લીધા. હુતુતુતુની ટોળીમાં ભળી એકનો પગ પકડી ભોંય ભેળો કર્યો. છોકરાંઓએ તાળી પાડી. ગીલ્લી-દંડામાં ગીલ્લી એટલી બધી દુર ગઈ કે છોકરાંએ 'નાનીયા આઈસક્રુટવાળાની જય....' બોલાવી દીધી ! પુરા પાંચસો દંડા ગણી લો !

ટન્.... ટન્.... ટન્.... ટન્....

છુટ્ટી પુરી થઈ. બધાં છોકરાં દોડ્યાં વર્ગ ભણી. નાનીયો ભાનમાં આવ્યો. એણે જઈને ડબ્બો ખોલ્યો. પણ આ શું ? ડબ્બો ખાલી ! છોકરાંવ ઝાપટી ગયેલાં ! નાનીયાએ ખીસ્સામાં હાથ નાખ્યો. એય ખાલી ! થોડાઘણા પૈસા આવેલા, તેય પડી ગયા હતા. નાનીયો ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યો.

ઘરે કાકીના હાથે મેથીપાક મળ્યો. ભુખ્યા રહેવાની સજા થઈ. હાથે ડામ દેવાયા. ગાળોનો વરસાદ વરસ્યો.

બસ, એક દીવસમાં નાનીયો મોટો થઈ ગયો ! ઘણો બધો મોટો ! ઘણો બધો શાણો ! એને સમજાઈ ગયું કે આ રમવા-કરવાનું આપણે નહીં. પાંખ હોવા છતાં ઉડવાનું આપણે નહીં. કંઠ હોવા છતાં અને અંદર ગીર ગુંજતું હોવા છતાં ગાવાનું આપણે નહીં. આપણે તો આઈસક્રુટ વેચવાનાં.... આપણે તો....

બીજે દીવસે ભારે પગલે એ નીશાળે પહોંચ્યો. રોજ મીઠો લાગતો છુટ્ટીનો ઘંટ આજે તેને ભારે કર્કશ લાગ્યો. છોકરાંઓ દોડતાં આવ્યાં. મેદાનમાં ધમાચકડી મચી ગઈ. 'એય, મને બે કાંડી આપ !.... મને કેસરી !.... મને પેલું પીળું !.... મને લાલ !....'

નાનીયો રોજની જેમ આજેય આઈસક્રુટ વેચી રહ્યો હતો. પણ આજે તે મેદાન ભણી મોં રાખવાને બદલે મેદાન ભણી પીઠ કરીને બેઠો હતો. કેવળ મેદાન ભણી જ નહીં; ઉછળતા-કુદતા બાળપણ ભણી પણ !

(શ્રી યોગીની જોગળેકરની મરાઠી વાર્તાને આધારે)

('ભુમીપુત્ર' પાક્ષીકના દરેક અંકના છેલ્લે પાને નીયમીત પ્રકાશીત થતી એક વાર્તા)

–આશા વીરેન્દ્ર

સર્જક–સમ્પર્ક :

બી–401, 'દેવદર્શન', હાલર, વલસાડ– 396 001 ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137

ઈ–મેઈલ : avs_50@yahoo.com

♦●♦

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ: દસમું – અંક: 312 – December 28, 2014

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

નવ વરસથી ચાલતી આ 'સ.મ.'ની 'સુ–વાચનયાત્રા'માં આજે આ 312મી રચના મોકલાઈ રહી છે.. એની સઘળી રચનાઓની અગીયાર 'ઈ.બુક્સ' થઈ છે અને તે સઘળી મફત ડાઉનલોડ કરવા અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/ebooks/ પર, સાથેસાથે http://www.ekatrafoundation.org/books/ પર અને http://aksharnaad.com/downloads/ પર પણ તે મુકાઈ ગઈ છે જે આપ સૌ જાણો છો.

હવે એમાંથી 80 જેટલી 'સ.મ.' તો 'કાવ્ય–ગઝલો'ની મુકાઈ ! જેમાં ગઝલો, સોનેટ, ગીતો, મુક્તકો, અછાંદસ, હાઈકુ રચનાઓનું ભારોભાર વૈવીધ્ય છે. ગઝલરસીયા વાચકોના આગ્રહને વશ, અમે બીજી બે ઈ.બુક્સ 'ગઝલ–કાવ્યસૃષ્ટી'ના નામે બનાવી, તે બન્ને ઈ.બુક્સ હવે ફ્રી ડાઉનલોડ થઈ શકે તે માટે : પહેલી બુક http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part1.pdf લીંક પર અને બીજી બુક http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part2.pdf લીંક પર મુકી છે.. ક્લીક કરશો કે તરત જ બુક ડાઉનલોડ થવા માંડશે અને તે પછી તેને, તમે ચાહો તે સ્થળે સેવ કરી, તેમાંની સમર્થ કવીઓની હજારેક જેટલી રચનાઓ માણી શકશો.. ડાઉનલોડ ને સેવનો વીધી ન ફાવે તો મને લખજો. બન્ને બુક્સ હું તમને મોકલી આપીશ...ઉત્તમ.મધુ ગજ્જર.. uttamgajjar@gmail.com

@

More than 3,11,61,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 39,55,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 7,21,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 1,25,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@